ADDYSG CYMRU
EDUCATION WALES
cenhadaeth ein cenedl | our national mission

Llywodraeth Cymru
Welsh Government

# સંબંધો અને જાતીયતા અંગેનું શિક્ષણ (RSE)

## શાળાઓ, સેટિંગ્સ, માતા-પિતાઓ અને સંભાળ રાખનારાઓ માટેની માહિતી

**વેલ્સમાં અપાતા શિક્ષણમાં પરિવર્તન આવી રહ્યું છે. સમગ્ર વેલ્સમાં આવેલા શિક્ષકો અને શિક્ષણના નિષ્ણાતો વેલ્સ માટેનો અભ્યાસક્રમ વિકસાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે**

**આપણે આપણા તમામ યુવા લોકોની જીવનનાં તમામ પાસાંમાં ઉત્કૃષ્ટ નીવડવામાં મદદ કરવાની જરૂર છે, જેથી તેઓ મોટા થઈને એવા વયસ્ક બની શકે કે જેઓ સ્વાસ્થ્યપ્રદ, આત્મવિશ્વાસુ વ્યક્તિઓ હોય. શિક્ષણ, યુવા લોકોને પોતાનો તથા અન્યોનો આદર કરવા, વૈવિધ્યતાને મહત્ત્વ આપવા માટે પ્રોત્સાહિત કરતું અને સપોર્ટ આપતું તેમજ તેમને સ્વસ્થ, આદરપૂર્ણ સંબંધો બાંધવાની ક્ષમતા આપતું હોવું જોઈએ.**

**સપ્ટેમ્બર 2022થી શરૂ થનારા નવા અભ્યાસક્રમમાં વિકાસની દૃષ્ટિથી યોગ્ય એવા સંબંધો અને જાતીયતા અંગેના શિક્ષણ (RSE)નો સમાવેશ થશે.**

## RSE એટલે શું?

યુવા લોકોને એવી માહિતીને ઍક્સેસ કરવાનો અધિકાર હોવો જોઈએ કે જે તેમને હાનિથી સલામત રાખે. આમાં, સ્વસ્થ સંબંધો, ઑનલાઇન અને ઑફલાઇન સલામત રહેવા વિશે અને જવાબદાર વયસ્કો સમક્ષ સમસ્યાઓ મૂકવાં આત્મવિશ્વાસુ કેવી રીતે બનવું તે વિશે જાણવાનો સમાવેશ થાય છે.

RSEની રચના આપણાં બધાં બાળકો અને યુવા લોકોને સલામત રાખવા માટે થઈ છે, જે તેમને એવું જ્ઞાન, કૌશલ્યો અને વર્તણૂકો વિકસાવવામાં સપોર્ટ આપે છે કે જેનાથી તેમના સમગ્ર જીવન દરમિયાન તેમનું રક્ષણ કરવામાં સહાયતા મળશે.

આ, એક એવા સમાજનું નિર્માણ કરવા માટે અતિ મહત્ત્વનું છે કે જેમાં અન્યો સાથે સમજણ અને સહાનુભૂતિની સાથે વ્યવહાર કરવામાં આવે, પછી ભલેને તેમની વંશીયતા, સામાજિક આર્થિક બેકગ્રાઉન્ડ, અપંગતા, જાતિ, લિંગ અથવા જાતીયતા કોઈ પણ હોય.



# RSE કોડમાં શું-શું સામેલ છે?



**સંબંધો અને જાતીયતા અંગેના શિક્ષણ (RSE)નો કોડ શાળાઓ અને સેટિંગ્સ માટે શું શીખવવું જોઈએ અને ક્યારે શીખવવું જોઈએ તે અંગે વિગત પ્રદાન કરે છે. અમે માતા-પિતાઓને પ્રકાશિત કરેલા RSE કોડને વાંચવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ કે જે તેમનાં બાળકો શું શીખશે અને ક્યારે શીખશે તે વિશે સ્પષ્ટતા પ્રદાન કરે છે. તમારા અભ્યાસક્રમની રચના કરવા માટેની ક્રોસ-કટિંગ થીમ્સ - Hwb (gov.wales)**

RSE અંતર્ગતની તમામ કેળવણી વિકાસની દૃષ્ટિથી યોગ્ય રહેશે તે સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ કાળજી લેવામાં આવી છે અને તેના વિકાસમાં સામેલ શિક્ષકો, હિતધારકો અને વ્યાવસાયિકોએ એ સુનિશ્ચિત કર્યું છે કે કોડમાં આ પ્રતિબિંબિત થાય.

**વેલ્સ માટેના અભ્યાસક્રમના સંબંધો અને જાતીયતા અંગેના શિક્ષણ (RSE) વિભાગના ફ્રેમવર્કમાં આ બાબતો સામેલ છે:**

- RSE કોડ – શું શીખવવામાં આવશે અને કયા તબક્કે શીખવવામાં આવશે;
- વૈધાનિક માર્ગદર્શન – આ, શાળાઓને તેમના RSE અભ્યાસક્રમને વિકસાવવામાં સપોર્ટ કરે છે.

# વિકાસની દૃષ્ટિથી યોગ્ય એવું સંબંધો અને જાતીયતા અંગેનું શિક્ષણ (RSE)

RSEના વિકાસની દૃષ્ટિથી યોગ્ય હોવાની કાનૂની જરૂરિયાતો છે, જેમાં RSEના અમલીકરણમાં શાળા ઉપયોગમાં લે છે તે સંસાધનોનો સમાવેશ થાય છે.

ઑનલાઇન સલામતી, સંમતિ અને જાતીય સ્વાસ્થ્ય જેવા બધા વિષયો કોડમાં સામેલ છે, પરંતુ તે વિકાસની દૃષ્ટિથી યોગ્ય હોવાના તબક્કાઓમાં છે, જેથી શીખનારાઓ તેમની ઉંમર અને વિકાસને યોગ્ય ન હોય એવી બાબતોના સંપર્કમાં આવતા નથી.

ઉદાહરણ તરીકે, નાની ઉંમરમાં, તેમને એકબીજા સાથે દયાભાવ અને સહાનુભૂતિની સાથે વ્યવહાર કરવા વિશે શીખવવામાં આવશે. જેમ-જેમ બાળકો મોટાં થતાં જશે, તેમ-તેમ તેઓ ઑનલાઇન સલામતી, સંમતિ અને જાતીય સ્વાસ્થ્ય જેવા વિષયોની સમજણ મેળવતા જશે– જે બધાને સંવેદનશીલ રીતે નિયંત્રિત કરવામાં આવશે.



RSEમાં રહેલી કેળવણીમાં તમામ પ્રકારના ભેદભાવ, હિંસા, દુર્વ્યવહાર અને ઉપેક્ષાને ઓળખવા, સમજવા અને તે અંગે છૂટથી બોલવાનું તથા વિશ્વસનીય સ્રોતો પાસેથી વિવિધ સમસ્યાઓ અંગે સપોર્ટ અને સલાહ માંગવાનું પણ સામેલ હશે.

RSEનું તટસ્થ, સટીક અને બહુવચનીય હોવું પણ કાનૂની રીતે જરૂરી છે: એટલે કે શાળાઓ અને સેટિંગ્સે હકીકતલક્ષી માહિતી અને મૂલ્યોના પ્રશ્નો  પર, આપેલા જે-તે વિષય પરના વિવિધ દૃષ્ટિકોણો, જે સમાજ અંતર્ગત સામાન્ય રીતે રહેલા હોય છે, તે પ્રદાન કરવા આવશ્યક છે.

# માતા-પિતાઓ અને સંભાળ રાખનારાઓને સામેલ કરવું



વૈધાનિક માર્ગદર્શન એ બાબતે ખૂબ જ સ્પષ્ટ છે કે માતા-પિતાઓ તેમનાં બાળકો શું શીખી રહ્યાં છે તે સમજે તેની ખાતરી કરવા માટે શાળાઓ માતા-પિતાઓની સાથે મળીને કામ કરે એવી અમે અપેક્ષા રાખીએ છીએ.

શાળાઓ અને સેટિંગ્સ RSEના સંબંધમાં સંચારની સ્પષ્ટ લાઇન્સ ધરાવતી હોવી જોઈએ અને RSEમાં શીખવા અને શીખવવા બાબતે શીખનારાઓ, માતા-પિતાઓ, સંભાળ રાખનારાઓ અને બહોળા સમુદાયની સાથે જોડાણ કરતી હોવી જોઈએ.



શાળાઓએ માતા-પિતાઓ અને સંભાળ રાખનારાઓને શું શીખવવામાં આવી રહ્યું છે અને શા માટે શીખવવામાં આવી રહ્યું છે તે વિશે પૂરી રીતે વાકેફ રાખવા જોઈએ, સાથે જ પ્રશ્નો અને સ્પષ્ટતા માટેની તક પણ ઉપલબ્ધ કરી આપવી જોઈએ. માતા-પિતાઓ અને સંભાળ રાખનારાઓને તેમનાં બાળકો શું શીખશે અને ક્યારે શીખશે તે વિશે સ્પષ્ટતા અને પારદર્શિતા આપવા માટે RSE કોડ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

## ઉપયોગી લિંક:

**માતા-પિતા અને સંભાળ રાખનાર માટે અભ્યાસક્રમની માર્ગદર્શિકા**

**સંબંધો અને જાતીયતા અંગેના શિક્ષણ બાબતનું વૈધાનિક માર્ગદર્શન અને કોડ**

**RSE પ્લેલિસ્ટ**



# કેસ સ્ટડી:

## બ્લેનીમેસ પ્રાથમિક શાળા, સ્વાનસી



**સંબંધો અને જાતીયતા અંગેના શિક્ષણમાં સ્વસ્થ સંબંધો, સહાનુભૂતિ, સલામત રહેવા વિશે અને જવાબદાર વયસ્કો સમક્ષ સમસ્યાઓ મૂકવાં આત્મવિશ્વાસુ કેવી રીતે બનવું તે વિશે જાણવાનો સમાવેશ થાય છે.**

સ્વાનસીમાં આવેલી બ્લેનીમેસ પ્રાથમિક શાળા ખાતે વર્ષ 1ના શીખનારાઓએ જૂન 2022માં સ્પેક્ટ્રમ પ્રોજેક્ટ સાથેના વર્ગખંડના સત્ર દરમિયાન સ્વસ્થ સંબંધો વિશે જાણ્યું હતું. સત્રમાં સંમતિ, વૈવિધ્યતા અને સંબંધો જેવા વિષયો ફરતેની વિકાસની દૃષ્ટિથી યોગ્ય કેળવણી સામેલ હતી. શીખનારાઓએ "ફ્રેન્ડશિપ સૂપ" બનાવવા જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, ઉદાહરણ તરીકે, એ સમજવા માટે કે કયા ગુણો એક સારો મિત્ર બનાવે છે.



સત્ર દરમિયાન, નાયબ મુખ્ય શિક્ષિકા, શ્રીમતી અમિરતે કહ્યું: "તે ખરેખર મહત્ત્વપૂર્ણ છે કે આપણે વિદ્યાર્થીની સુખાકારીની કાળજી લઈ રહ્યા છીએ તથા તેઓ સ્વાસ્થ્યપ્રદ અને આત્મવિશ્વાસથી પૂર્ણ વ્યક્તિઓ બને તે માટે તેમનું પાલનપોષણ કરી રહ્યા છીએ, અને મને લાગે છે કે RSE અભ્યાસક્રમ પોતે જ તેમાં યોગદાન આપે છે. ઉંમર-યોગ્ય સ્તરે, તેઓ મિત્રતાઓ બાંધી રહ્યા છે, તેઓ અન્યો પ્રત્યે કેવી રીતે સહાનુભૂતિ રાખવી તે શીખી રહ્યા છે અને તેઓ બસ ટીમનો ભાગ હોવાનું અનુભવી રહ્યા છે, પરંતુ સાથે જ એકબીજામાં રહેલા તફાવતોને મહત્ત્વ આપી રહ્યા છે અને તે હોવામાં કંઈ ખોટું નથી એમ સમજી રહ્યા છે."

**તમે આ કેસ સ્ટડીનો વીડિયો અહીં જોઈ શકો છો:**

લિંક



